GJVD010052422023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩ – ૦૮ – ૨૦૨૩ |
| નોંધણી તારીખ | ૦૩ – ૦૮ – ૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૮ – ૦૮ – ૨૦૨૩ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ<br>૦૦ – ૦૦ – ૦૫ |

**વડોદરા ના મે.૩જા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ – વડોદરા**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૧૯૩૧/૨૦૨૩**
આંક–

**કમલેશભાઈ ભગવાનભાઈ પટેલ**
ઉ.વ.૩૪,
ધંધો. વેપાર
રહે.લક્ષ્મણપુરા, પો.સાંગરા,
તા.પાલનપુર, જી.બનાસકાંઠા–
૩૮૫૦૦૧

– **અરજદાર**

**વિ રૂ દ્ધ**

ધી સ્ટેટ ઓફ ગુજરાત – **સામાવાળા**

**બાબત–** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ મુજબ આગોતરા જામીન અરજ.

---

અરજદાર તરફે – વિ.વ.શ્રી એ.ટી.ઠક્કર
સરકાર તરફે – વિ.એડી.પી.પી.શ્રી પી.સી.પટેલ.

---

**– ઠરાવ –**

(૧) અરજી વંચાણે લીધી . અરજદાર–આરોપી વિરૂધ્ધ વડોદરા ગ્રામ્ય વડુ પોલીસ સ્ટેશન ફર્સ્ટ, ગુ.ર.નં.૧૧૧૯૭૦૦૩૨૩૦૫૬૫/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૪૬૭, ૪૬૮, ૧૨૦(બી), ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ–૩ હેઠળ રચિત ખાતર (અકાર્બનિક, કાર્બનિક અથવા મિશ્ર) (નિયંત્રણ) હુકમ– ૧૯૮૫ ના ખંડ ૨૫(૧) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ કાયદાની કમલ–૭(૧)(એ)(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે, સદરહું ગુનામાં અરજદારના નામનો ઉલ્લેખ એફ.આઈ.આર.માં નથી. જે ગુનાના કામે તપાસ કરનાર અધિકારીશ્રી તેઓની ધરપકડ કરે તેમ હોઈ હાલની જામીન અરજી આગોતરા જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજ કરેલ છે. અરજદાર/આરોપીની અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરવામાં આવતાં વિ.એડી. પી.પી.શ્રી પી.સી.પટેલ હાજર થયેલ છે અને તેઓએ આંક–૦૪ થી તપાસ અધિકારીશ્રીનુ સોગંદનામુ રજુ કરેલ છે તથા તપાસના કાગળો રજુ કરેલ છે.

(૨) અરજદારના વિદ્વાન વકીલશ્રી એ.ટી.ઠકકર નાઓ પોતાની દલીલોમાં મહદઅંશે અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી વધુમાં જણાવે છે કે, અરજદાર તદ્દત નિર્દોષ છે. આ કામના અરજદારએ આવો કહેવાતો કોઈપણ ગુનો કરેલ નથી.સદર ગુનામાં અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા નથી. ફરીયાદ હકીકત મુજબ કહેવાતો ગુનો તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ બનેલ હોવાનો આક્ષેપ છે. જે અંગેની ફરીયાદ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ એટલે કે બનાવના બાર માસના વિલંબ બાદ આપવામાં આવેલ છે જે શંકા ઉભી કરે છે. આક્ષેપ મુજબના કોઈપણ વ્યવહાર સાથે અરજદાર સંકળાયેલ હોવાના પુરાવા મળી ન આવતા ફરીયાદમાં તેમના વિરુધ્ધ કોઈ આક્ષેપ કરવામાં આવેલ નથી. અરજદાર પાસેથી ચોકસી પ્રા.લી.

ધ્વારા યુરીયા ખરીદ કરવામાં આવેલ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી. બનાવ મુજબના વ્યવહારમાં અરજદાર સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા નથી. ગુનાની તપાસ દરમ્યાન અરજદારે ચોકસી કલર્સ પ્રા.લી. એ નામની કંપનીને ફરીયાદમાં આક્ષેપ કરેલ બેચવાળો કોઈ યુરીયાનો જથ્થો વેચાણ આપેલ હોય તેવા આક્ષેપને સમર્થન કરતો કોઈ પુરાવો મળી આવેલ નથી. અરજદાર અંકલેશ્વર મુકામે લાભ એગ્રો ટ્રેડ કોમ એ નામથી વિવિધ પ્રકારના ઈન્ડસ્ટ્રીયલ કેમીકલ વેચવાનો ધંધો કરે છે. ચોકસી કલર્સ પ્રા.લી. ના ગોડાઉનમાંથી મળી આવેલ તે જથ્થો તેઓએ જે અન્ય ઈસમો પાસેથી ખરીદ કરેલ હોય તેઓને તપાસના કામે આરોપી તરીકે દર્શાવવામાં આવેલ છે, પરંતુ તપાસના કામે અરજદાર કોઈપણ રીતે આ ચેનલમાં સંકળાયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી. અરજદારે જે તે સમયે પાન ટ્રેડર્સ પાસેથી જે તે સમયે જથ્થો ખરીદ કરેલ હોય અને તેઓને આ સહ આરોપી તરીકે દર્શાવવામાં આવેલ હોય તે કારણથી ખોટી રીતે અરજદારની હાલના કામે ધરપકડ કરવા પ્રયત્ન કરી રહેલ હોય હાલની અરજ ગુજારેલ છે. હાલના અરજદારના અન્ય કોઈપણ સહ આરોપીના નિવેદનના આધારે સદરહું ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવી શકયતા રહેલી છે. અરજદાર કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. આ કામના અન્ય સહ આરોપી હર્ષદકુમાર મનુભાઈ પટેલને નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફો.પ.અ.નં.૧૧૪૫૫/૨૦૨૩ થી જામીન મુકત કરેલ છે. આરોપી ભાર્ગવકુમાર કાંતીભાઈ રોહિતને ફો.પ.અ.નં.૧ ૭૪૨/૨૦૨૩ થી તથા આરોપી અંકિત જયેન્દભાઈ ત્રિવેદીને ફો.પ.અ.નં.૧૭૯ ૪/૨૦૨૩ થી નામ. કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે. જેથી લો ઓફ પેરીટીના સિધ્ધાંતના આધારે અરજદારને જામીન મુકત કરવા અરજ કરેલ છે. તેમજ સદર કેસ દસ્તાવેજી પુરાવા આધારિત છે. અરજદાર વિરુધ્ધ પ્રથમ દર્શનીય

કોઈ ગુનો નથી. અરજદાર/આરોપી તપાસમાં જયારે જરૂર પડશે ત્યારે સાથ સહકાર આપવા તૈયાર છે. અરજદારને તેમના પરિવારની જવાબદારી તેમના શિરે છે. અરજદાર/આરોપીને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ કોઈ ગંભીર પ્રકારનો ગુનો નથી. હાલના અરજદાર એક પ્ર તિષ્ઠિત વ્યકિત છે નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદારની પોલીસ ખોટી રીતે અટક કરે તેમ હોઈ અરજદારની હકીકતોને ધ્યાને લઈ આગોતરા જામીન ઉપર મુકત કરવા જણાવી અને ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવેલ છે.

(૨.૧) અરજદારના વિ.વ.શ્રીએ દલીલોના સમર્થનમાં આંક–૩ અને આંક–૦૬ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.જે ધ્યાને લઈ જામીન મુકત કરવા જણાવેલ છે.

| અનું નં. | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | એફ.આઈ.આર.ની નકલ. |
| ૨ | ક્રિ.પ.અ.નં.૧૭૪૨/૨૦૨૩ ના હુકમની નકલ |
| ૩ | ક્રિ.પ.અ.નં.૧૭૯૪/૨૦૨૩ ના હુકમની નકલ |
| ૪ | ક્રિ.પ.અ.નં.૧૧૪૫૫/૨૦૨૩ નો નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ |

(૨.૨) અરજદારના વિ.વ.શ્રીએ દલીલોના સમર્થનમાં આંક– ૫ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.જે ધ્યાને લઈ જામીન મુકત કરવા જણાવેલ છે.

| અનું નં. | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | ચોકસી કલર્સનું લેજર એકાઉન્ટની કોપી |
| ૨ | અરજદારે ચોકસી કલર્સ પ્રા.લી.નાઓને બેચ નં.ઓકટો./નવે./ડીસે.–૨૦૨૦ ના વેચેલ માલના તમામ ડીલીવરી ચલણ, ઈનવોઈસ બીલ તથા સર્ટીફીકેટની નકલ |

(૨.૩) અરજદારના વિ.વ.શ્રીએ દલીલોના સમર્થનમાં આંક– ૬ ના લીસ્ટથી દસ્તાવેજી

પુરાવો રજુ કરેલ છે.જે ધ્યાને લઈ જામીન મુકત કરવા જણાવેલ છે.

| અનું નં.. | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | ક્રિમીનલ એપ્લીકેશન નંબર–૨૨૦૭/૨૦૨૩ |

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.સી.પટેલ એ આંક–૦૪ પોલીસ અભિપ્રાય રજુ કરી જણાવેલ છે કે, આ કામના અરજદારને ગુનાના કામે પોલીસ સ્ટેશન ખાતે પુછપરછ માટે તા.૨૦/૦૭/૨૦૨૩ ના રોજ નોટીસ આપી બોલાવવામાં આવે છે પરંતુ સદર અરજદાર હાલમાં આ ગુનામાં આરોપી તરીકે પ્રસ્થાપિત થયેલ ન હોય યોગ્ય તે હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૪) બંને પક્ષકારો તર્ફે કરવામાં આવેલ રજુઆતો, અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારનું આંક –૦૪ નું સોગંદનામું, તથા રજુઆત ધ્યાને લીધી. આ કામના આરોપીઓએ મેળાપીપણામાં TECHANICAL GRADE UREA, FOR INDUSTRIAL USE ONLY, MONTH OF IMP ORT, PURPOSE/USE અને WEIGHT 50.00 KG વિગતો દર્શાવેલ પેકીંગ બનાવી તે પેકીંગમાં સબસીડીવાળા રાસાયણીક ખાતર NEEM COATED UREA જે ખેતી માટે વપરાશ થાય છે. તે યુરીયા ખાતર ભરી ચોકસી કલર્સ પ્રા.લી. કંપની(ઔદ્યોગિક એકમ) વપરાશ માટે વેચાણ કરી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. આ કામે આંક–૦૪ થી પોલીસ અભિપ્રાયમાં જણાવેલ છે કે, આ કામના અરજદારને તા.૨૦/૦૭/૨૦૨૩ ના રોજ નોટીસ કરી પુછપરછ કરવા માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવેલ પરંતુ સદરહું અરજદાર હાલના ગુનામાં આરોપી તરીકે પ્રસ્થાપિ થયેલ ન હોવા અંગેનું સોગંદનામું રજુ રાખેલ છે. સદરહું ગુનાના કામ સબબ આ કામના સહ આરોપી હર્ષદકુમાર મનુભાઈ પટેલ

નાઓને નામ. ગુજરાત હાઈકોર્ટે ફો.પ.અ.નં.૧૧૪૫૫/૨૦૨૩ થી જામીન મુકત કરેલ છે. ફો.પ.અ.નં.૧૭૪૨/૨૦૨૩ થી આરોપી ભાર્ગવકુમાર રોહિતને તથા ફો.પ.અ.નં .૧૭૯૪/૨૦૨૩ થી નામ. કોર્ટ ધ્વારા જામીન મુકત કરેલ છે. હાલના તબકકે બંને પક્ષકારોની રજુઆત તેમજ પોલીસ અભિપ્રાય ધ્યાને લીધો. રેકર્ડ ઉપર અરજદારની ભુમિકા અને હાલ સુધીની થયેલ તપાસમાં મળી આવેલ આરોપીની ભુમિકા જોતા પોલીસ અભિપ્રાય મુજબ આ કામના અરજદાર સદરહું ગુનામાં આરોપી તરીકે પ્રસ્થાપિત થયેલ ન હોય. તેવા સંજોગોમાં અરજદારને કેટલીક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઈ આવે છે જેથી નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**– હુ ક મ –**

(૧) અરજદાર/આરોપની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના કામે વડુ પો.સ્ટે. પાર્ટ–એ., ગુ.રજી.નં. ૧૧૧૯૭૦૦૩૨૩૦૫૬૫/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ– ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી), ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ–૩ હેઠળ રચિત ખાતર (અકાર્બનિક, કાર્બનિક અથવા મિશ્ર) (નિયંત્રણ) હુકમ– ૧૯૮૫ ના ખંડ ૨૫(૧) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ કાયદાની કમલ–૭(૧)(એ)(૨) મુજબના ગુનાને કામે અરજદાર કમલેશભાઈ ભગવાનભાઈ પટેલ નાઓને રૂપિયા ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૯ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

| | |
|---|---|
| ૧ | અરજદારના તપાસ અધિકારીને પોલીસ રીમાન્ડની જરૂર જણાય તો તે અંગે |

| | |
|---|---|
| | યોગ્ય તે હકુમતવાળી અદાલતમાં અરજી આપી જરૂરી હુકમ મેળવી શકશે. સક્ષમ અદાલતે આ હુકમને લક્ષમાં લીધા સિવાય ગુણદોષ આધારે તે અરજદારની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂરીયાત અરજીનો નિર્ણય કરવાનો રહેશે. |
| ૨ | અરજદારએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી. |
| ૩ | અરજદારએ ફરિયાદ પક્ષના સાહેદો સાથે ચેડા કરવા નહી કે તેઓને ધમકાવવા નહી કે સીધી કે આડકતરી રીતે લોભ, લાલચ કે પ્રલોભન આપવુ નહી અને સક્ષમ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી. |
| ૪ | અરજદાર પોતાના રહેણાંકના સરનામુ તેમજ મોબાઈલ નંબર પુરસીસથી જાહેર કરવા અને સદર સરનામામાં સક્ષમ કોર્ટની પરવાનગી વગર કોઈ ફેરફાર કરવો નહી. |
| ૫ | અરજદારએ કોઈ ગુનાહીત પ્રવૃત્તિ કરવી, કરાવવી નહી. |
| ૬ | અરજદાર તપાસના કામે તપાસ અધિકારી જયારે બોલાવે ત્યારે હાજર થઈ તપાસમાં સાથ સહકાર આપવો. |

જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ આપવા.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ તા.૦૮મી, માહે.: ઓગષ્ટ, સને.: ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૦૨૩. **(માધુરી ધ્રુવકુમાર પાન્ડેય),**

વડોદરા. ૩જા એડી.સેશન્સ જજ, વડોદરા.

(Judge Code – GJ01542)

(પી.એમ.બાગુલ)